**<u>દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહા સંઘ (ફેડરેશન) ની પ્રથમ કારોબારી તા.૪–૨–૨૦૦૭ ના રવિવારે કડોદ દંતાઈમાતાના મંદિરમાં મળી હતી,જેમાં થયેલા ઠરાવોની વિગતો.</u>**

એજન્ડા વિષય–૪

તારિખ.૨૧–૧–૨૦૦૭ ના રોજ પાવાગઢ ના ખાતે મળેલ સમાજનાં મહાસંઘ (ફેડરેશન ) ની બેઠકની કાર્યવાહીની નોંધ, ઠરાવોનું વાંચન.

ઠરાવ નંબર–૧ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજની બેઠક તા–૨૧–૧–૨૦૦૭ ના રવિવારે પાવાગઢ ખાતે મળેલ હતી, જેમા કરવામાં આવેલ કાર્ય વાહી નોંધ વંચાણે લઈ કારોબારી સભ્યો આમં ત્રિત સભ્યો ને વિતરણ કરવામાં આવેલ હતી તથા પાવાગઢ ખાતે કરવામાં આવેલ ઠરાવોનું વાંચન કરી સર્વાનુમતે બહાલ રાખવામાં આવ્યા હતા.

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન) ના બંધારણ ને રજિસ્ટ્રેશન માટે આખરી ઓપ આપવા અંગે ચર્ચા કરવા બાબત.

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન) ના સુચિત બંધારણની નકલો હાજર રહેલા જુદા જુદા ચૌધરી સમાજોના પ્રતિનિધિઓને વિતરણ કરવામાં આવી તથા સુચિત બંધારણ અન્વયે મહાસંઘના મહામંત્રી શ્રી પ્રભુદાસ બી. ચૌધરી એ વિસ્તૃત ખ્યાલ આપ્યો અને ઉપસ્થિત રહેલા કારોબારી સભ્યો તથા આમંત્રિતો અને જુદા જુદા સમાજના નીચે મુજબના પ્રતિનિધિઓએ ચર્ચામાં ભાગ લઈ સુધારા–વધારા અંગેના સુચનો કર્યા,જેની નીચે મુજબ નોંધ લેવામા આવી.

૧. શ્રી કિશોર ભાઈ આર. ચૌધરી (બલેઠી)
–ગ્રામ્ય યુનિટ, તાલુકા યુનિટ અને રાજય સંઘ ફેડરેશન એમ ત્રિસ્તરીય માળખું રચવાનું સૂચન કર્યુ.

૨.શ્રી માધુભાઈ ચૌધરી (વેડછી)
–મહાસંઘમાં ગામડાના પ્રતિનિધિઓને સ્થાન આપવું.ગામડાઓને વધારે મહત્વ આપવું.
–ટ્ર સ્ટી સભ્યોની બંધારણમાં જોગવાઈ કરવી.

૩. શ્રી અરૂણભાઈ સી. ચૌધરી (વડોદરા)
–ગામ ચોરા પુનઃજિવીત કરવા, તેમને કારોબારીમાં પ્રતિનિધિત્વ આપવું

૪. શ્રી અતુલભાઈ ચૌધરી (બારડોલી)

–ચોરા સિસ્ટમ કેમ ફેઈલ ગઈ તેનો અભ્યાસ કરીને પછી આગળ વધવું.

૫.ડૉ.મહેન્દ્રભાઈ ચૌધરી (બારડોલી)

–વસ્તી અને વિસ્તાર પ્રમાણે ઝોન નકકી કરીને તેમાંથી પ્રતિનિધિ નકકી કરીને કારોબારીમાં સભ્યો લેવા.

–નિવૃત થતા કારોબારી સભ્યો અને હોદેંદારો આપોઆપ મહાસંઘમાં પ્રતિનિધિત્વ જાળવી શકે તેવી જોગવાઈ કરવી.

૬. ડૉ.વિક્રમભાઈ ચૌધરી (વ્યારા)

– મહાસંઘના બંધારણમાં ભારતના બંધારણીય હકકો ચૌધરી સમાજને મળે તેવી જોગવાઈઓ કરવી.

રજુ થયેલ સુધારા–વધારા માટેના સુચનોની નોંધ લેવામાં આવી. ૧૫ દિવસમાં બંધારણ સમિતિની બેઠક બોલાવી બંધારણ આખરી કરીને રજિસ્ટ્રેશન કરાવવા ઠરાવ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

એજેન્ડા વિષય–૫ મહાસંઘ (ફેડરેશન) ના બંધારણને રજિસ્ટ્રેશન માટે આખરી ઓપ આપવા અંગે ચર્ચા.

ઠરાવ નંબર–૨ હ પ્રાથમિક શિક્ષણ ભવન, માંડવી, જિ. સુરતના તૈયાર કરવામાં આવેલ સુચિત બંધારણની વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં ચર્ચા મુજબ જરૂરી સુધારા–વધારા કરીને મહાસંઘ (ફેડરેશન) ની નોંધણી મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયન –૧૯૫૦ અન્વયે તથા ૧૮૬૦ ના સોસાયટીઝ રજિસ્ટ્રેશન હેઠળ નોંધણી કરાવવા મદદનીસ ચેરીટી કમિશનરશ્રી,સુરત વિભાગસુરતને અરજી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

ઉપરોકત જણાવેલ સંસ્થાને સાર્વજનિક ટ્રસ્ટ તરીકે નોંધાવવા સારૂં મહાસંઘ (ફેડરેશન) ના મહામંત્રી શ્રી પ્રભુદાસ બી. ચૌધરીને સર્વાનુમતે અધિકૃત કરવામાં આવે છે.

દરખાસ્ત મુકનાર : નટુભાઈ ડી. ચૌધરી
ટેકો આપનાર : કુંવરજીભાઈ વી. ચૌધરી

એજન્ડા વિષય –૬ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન)નો લોગો નકકી કરવા બાબત.

ઠરાવ નંબર–૩ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન)નો લોગોનકકી નકકી કરવા અંગે

પાવાગઢ ખાતે મળેલ બેઠકમાં ચર્ચા થવા મુજબ ચૌધરી સમાજની ઓળખના ચિન્હો સાથે જુદા જુદા ચૌધરી સમાજોનાં પ્રતિકોનો સમાવેશ કરી બારડોલી ચૌધરી સમાજએ તૈયાર કરેલ લોગોનો પણ સમાવેશ કરીને નવો લોગો તૈયાર કરવો,જેમાં ગોળ રાઉન્ડમાં ઘોડો–ઘુંમટ, ડોવળું જુવારનું કણસલું નાચણાનું પ્રતિક,ગ્રામ્ય માતા,વચ્ચે સ્વસ્તિકનું નિશાન,પશ્ચાતભૂમાં દક્ષિણ ગુજરાતનો નકશો,છાણ જેવો કલર વગેરેનો સમાવેશ કરવો.

આ તમામ ચિન્હોનાં સમાવેશ સાથે સમાજનો લોગો તૈયાર કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

| | |
|---|---|
| દરખાસ્ત મુકનાર | :ર્ડા. મહેન્દ્રભાઈ એચ.ચૌધરી |
| ટેકો આપનાર | :શ્રી બકુલભાઈ બી.ચૌધરી |

એજન્ડા વિષય–૭ તાલુકા યુનિટ સભ્યોની નોંધણી અંગેની ચર્ચા વિચારણા તથા કારોબારીમાં તાલુકા યુનિટ સભ્યોના પ્રતિનિધિઓનો સમાવેશ કરવા બાબત.

ઠરાવ નંબર –૪ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન) નાં સુચિત બંધારણની જોગવાઈ પ્રણામે ચૌધરીસમાજની વસ્તી ધરાવતા ૧૧ તાલુકાઓમાં વસ્તીના ધોરણે તથા નોંધાયેલ સભ્ય સંખ્યાનાં ધોરણે વધુમાં વધુ બે કારોબારી સભ્યોનો સમાવેશ કરવાનું નકકી થયેલ છે, જે અન્વયે વ્યારા ખાતે મળેલ બેઠકમાં તાલુકા ડેલીગેટોની યાદી તૈયાર કરવામાં આવેલ હતી .આ સભ્યોએ કામગીરી શરૂ કરી કે કેમ? તે અંગે ચર્ચા કરતાં તેમણે જણાવ્યું કે સભ્ય નોંધણી માટે પત્રિકા તથા પહોંચ બુક હોવી જરૂરી છે. જે સત્વરે પુરી પાડવામાં આવે તો જ આગળ કામ કરી શકાય તેમ જણાવ્યું જેથી દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન) ની વિગતો જાણકારી આપતી પત્રિકાનું વાંચન કરવામાં આવ્યું તથા ૫૦૦૦/– પત્રિકાઓ છપાવીને તમામ સમાજો અને તાલુકાઓમાં વિતરણ કરવાનું નકકી કરવામાં આવ્યું

ગ્રામ્ય તથા તાલુકા કક્ષાએ સભ્ય નોંધણીની કામગીરીની સમીક્ષા બાદ તાલુકા યુનિટના સભ્યને કારોબારીમાં સમાવેશ કરવાનું સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યું.

એજન્ડા વિષય–૮ કારોબારીમાં ત્રણ સંગઠમ મંત્રીઓની નિમણુંકો કરવા બાબત.

ઠરાવ નંબર –૫ આગામી કારોબારીમાં નિર્ણય કરવા એજન્ડા મુલતવી રાખવામાં આવ્યો.

એજન્ડા વિષય–૯ દક્ષિણ ગુજરાત સમસ્મ ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન) ના સભ્ય નોંધણી ફી/ વાર્ષિક ફી એકત્ર કરવા હોદ્દેદારો તથા કારોબારીને સતા તથા પહોંચ બુક છાપવા બાબત.

ઠરાવ નંબર –૬ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ(ફેડરેશન) ના સભ્ય નોંધણી કરવા તથા પ્રવેશ ફી, વાર્ષિક ફી,આજીવન ફી,નોમીનલ ફી,દાન વગેરે નીચે મુજબ એકત્ર કરવાનું ઠરાવવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧. | પ્રવેશ ફી ફરજિયાત | ૫–૦૦ |
| ૨. | નોમીનલ સભ્ય ફી | ૨૧–૦૦ |
| ૩. | પ્રાથમમીક સભ્ય ફી(દર વર્ષે ભરવાની રહેશે) | ૧૦૧–૦૦ |
| ૪. | આજીવન સભ્ય ફી | ૧૦૦૧–૦૦(ફકત એક વખત) |
| ૫. | સંસ્થા સભ્ય ફી(ફકત એક વખત) | ૫૦૧–૦૦ |
| ૬ | તાલુકા યુનિટ સભ્ય ફી | ૨૧–૦૦<br>૧૦૧–૦૦(દરવર્ષે)<br>અથવા ૧૦૦૧–૦૦<br>(ફકત એક વખત<br>આજીવન ફી) |
| ૭ | દાન/સ્વૈ.ફાળો | યથા શકિત |
| ૮ | અન્ય | – |

સભ્ય નોંધણી તથા ફી એકત્ર કરવા માટે મહાસંઘના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો અને તાલુકા યુનિટ ના ડેલીગેટ સભ્યોને સત્તા આપવામાં આવી.

સભ્ય નોંધણી અંગે તથા ફી એકત્ર કરવા માટે ક્રમાંક–૧થી ૫૦૦૦ સુધીના નંબરોની ૧૦૦ ની એક એવી ૫૦ બુકો ડુપ્લીકેટ મુજબ છપાવવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

દરખાસ્ત મુકનાર :ચીમનલાલ એમ. ચૌધરી
ટેકો આપનાર :કિશોરભાઈ આર.ચૌધરી

એજનડા વિષય–૧૦ મહાસંઘ(ફેડરેશન) ના નામે રાષ્ટ્રીય બેંકમાં ખાતુ ખોલાવવા બાબત.

ઠરાવ નંબર–૭ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ(ફેડરેશન) માંડવી, જી.સુરતની નોંધણી ચેરીટી એકટ હેઠળ નોંધણી કરવામાં આવી રહેલ છે.આ મહાસંઘ(ફેડરેશન)ના મેમોરેન્ડમ ઓફ એસોસીએશન મુજબ અધિકૃત બેંકમાં બચત ખાતુ ખોલવવાનું થાય છે. આથી ચર્ચા વિચારણા અંતે લેવળ દેવળ ની અનુકુળતા રહે તે માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, મુકિતનગર શાખા ભરુચમાં બચતખાતુ ખોલાવવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.અને આ બચત ખાતુ ખોલલવા આજની સભા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,મુકિતનગર શાખા ભરુચને વિનંતી કરે છે.

દરખાસ્ત મુકનાર :ડાૅ.મહેન્દ્રભાઈ એચ.ચૌધરીવવ
ટેકો આપનાર :શ્રી અરુણભાઈ સી.ચૌધરી

એજન્ડા વિષય– ૧૧ લેવળ દેવળની સત્તા આપવા બાબત.

ઠરાવ નંબર–૮ નાણાંકીય લેવડ બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ચર્ચાને અંતે તમામ નાણાંકીય વ્યવહાર દક્ષિણ ગુજરાત સમ સ્ત ચૌધરી સમાજ મહા સંઘ (ફેડરેશન) માંડવી,જિ સુરતના પ્રમુખ શ્રી કેવજીભાઈ ટી.ચૌધરી, મહાસંઘ મહામંત્રી શ્રી પ્રભુદાસ બી. ચૌધરી અને ખજાનચી શ્રી કુંવરજીભાઈ વી. ચૌધરી પૈકી કોઈપણ બે હોદેદારોની સંયુકત સહીથી પરંતુ તે પૈકી ખજાનચી શ્રી કુંવરજીભાઈ વી.ચૌધરીની સહી આવશ્યક હોવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

દરખાસ્ત મુકનાર : શ્રી જશવંતભાઈ એચ. ચૌધરી
ટેકો આપનાર : શ્રી બુધિલાલ આર. ચૌધરી

એજેન્ડા વિષય–૧૨ ચૌધરી સમાજના શિક્ષિત બેરોજગાર યુવક–યુવતિઓનાં સર્વે કરીને ડેટા તૈયાર કરવા માટે શ્રી અરૂણભાઈ સી.ચૌધરીએ સર્વે ફોર્મ તૈયાર કરેલ છે, જેોમ અન્વયે ચર્ચા કરવામાં આવી. ફોર્મની વિગતો વંચાણેલેવામાં આવી. આ ફોર્મ તૈયાર કરીને દરેક ગામોમાં ફોર્મ દીઠ વેતન નકકી કરીને બેરોજગાર યુવાનો

મારફતે જ કામકરાવવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

દરખાસ્ત મુકનાર : શ્રી અરૂણભાઈ સી. ચૌધરી
ટેકો આપનાર : શ્રી પ્રભુદાસ બી. ચૌધરી

એજેન્ડા વિષય –પ્રમુખ સ્થાનેથી રજુ થાય તેવા મુદદાઓની ચર્ચા કરવા બાબત.
પ્રમુખ સ્થાનેથી કોઈ મુદદો રજુ ન થતાં આભાર માની શપથ લઈ રાષ્ટ્રગીત ગાઈને બેઠક સમાપ્ત કરવામાં આવી.

પ્રમુખ
દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ
મહાસંઘ(ફેડરેશન)

મહામંત્રી
દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ
મહાસંઘ(ફેડરેશન)